

# KPSNA આયોજીત
# વરિષ્ઠ વ્યક્તિ મિલન સમારોહ

સૌરાષ્ટ્ર વિસ્તારના ઉત્તર અમેરિકામાં વસતા કડવા પાટીદારની ૧૯૯૭માં સ્થપાયેલ 'નહી નફો' ધોરણે પ્રવૃત્ત, ૨૦૦ કુટુંબોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થા એટલે KPSNA સમયાન્તરે નાના-મોટા સંમેલનો-કાર્યક્રમો યોજતા. પરંતુ તેમાં વડીલો લક્ષી ગોઠવણ મુશ્કેલ પડતા સંસ્થાની કારોબારીએ વિચાર્યું કે વડીલો માટે જ 'મેળાવડો' યોજીએ. તા. ૧૬ થી ૧૯ જાન્યુઆરી, ૨૦૦૯ દરમ્યાન યજમાન બનવાની ઉત્કંઠાથી શ્રીમતિ અંજના, શ્રી અશ્વિન જાવિયા પરિવારે વડીલોને આમંત્રિત કર્યા. એક કુદરતી સૌંદર્ય સૃષ્ટિ, વર્જીનીયા બીચ, 'સર્ફસાઈડ ઓશન ફ્રન્ટ ઈન' શાંત, સુંદર, રમણિય દરિયા કાઠે, ૧૨૦ જેટલા વડીલ ભાઈ-બહેનોનો ચાર દિવસનો પ્રથમ મેળાવડા યોજાયેલ. જે સૌ માટે અતિ મૂલ્યવાન જીંદગીનું સંભારણું બની પરસ્પર પ્રેમ, સદ્ભાવ અને અંતરના ઉમળકાનું એક પર્વ બની ગયેલ. સમારોહની વિગતે જાણકારી મેળવતા પહેલા એક નજર આયોજકોની પ્રવૃત્તિ તરફ...

KPSNA એમના દત્તક વિસ્તારમાં આપણા સામાજીક મૂલ્યો તથા વારસો જાળવી રાખવા સભ્યોને સામાજીક, વ્યવસાયિક અને વહેવારીક પહેલુઓનો પરામર્શ કરવા મંચ આપે છે, ભારત-અમેરિકામાં વસતા કુટુંબોને મજબુત કડી પૂરી પાડે છે.

શૈક્ષણિક સુધારણામાં તૃતીય વર્ષ શિષ્યવૃત્તિ ગામડાના ગરીબ બાળકોને માધ્યમિક શિક્ષણ અપાવી, બાળ મજદૂરી અટકાવી, તેના કુટુંબને ગરીબાઈમાંથી ઉપર લાવવા અલગ અલગ ૩૧ સંસ્થાઓના ૧૨૫૬ વિદ્યાર્થીઓને મદદરૂપ થયેલ છે. નવી શૈક્ષણિક સંસ્થા ઉભી કરવા તથા જુનીના સમારકામ માટે ભંડોળ આપે છે.

સ્વચ્છતા અભિયાન અંતર્ગત નવી પાયલોટ યોજનાથી શુદ્ધ પીવાનું પાણી પુરૂ પાડવા શુદ્ધિકરણ પ્લાંટ નાખવામાં સફળ થયેલ છે, અને વધારાના બે પ્લાંટ ટુક સમયમાં કાર્યરત થઈ જશે. આજ સુધી ૨૦ ગામડાઓમાં આ સુવિધા



પ્રવીણ કાલરિયા



જોસેફ પરમાર



રમેશ જાદવ



વલ્લભદાસ કાલરિયા





**વડીલોનું હેલ્થ ચેકઅપ કરી રહેલા સમાજના ડૉક્ટરો અને મેડિકલ ટેકનીશ્યનો (ડાબેથી) જમન કોઠડિયા, મનુભાઈ ડઢાણિયા, વિજય કલોલા, કેતકી ડઢાણિયા, (બાજુમાં) મધુબેન પટેલ, સુધા દલસાણિયા, વિજય કલોલા, સમાજના પ્રમુખ ભાણજી કુંડારિયા તથા પાછળ અતુલ કણસાગરા તથા અન્ય કાર્યકરો.**

માટે અમેરિકાના દાત્તાઓએ દત્તક લીધા છે. બીજુ જે લોકોને શૌચાલયની સગવડ નથી તેને કરકસરયુક્ત ડીઝાઈન કરેલ શૌચાલય માટે જગ્યા અને સહાય KPSNA દ્વારા તથા જરૂરી પરિશ્રમ લાભાર્થીઓના યોગદાનથી બનાવશે. આ ઉપરાંત ઉપલેટામાં ૭–૮ વર્ષથી મેડીકલ કેમ્પો ગોઠવાય છે. ગત વર્ષે ૫૦૦૦ થી વધારે દર્દીઓએ લાભ લીધો હતો. સૌરાષ્ટ્રના અન્ય વિસ્તારોમાં પણ કેમ્પ ગોઠવવા તજવીજ ચાલે છે.

વડીલો એકબીજાને જાણે, નીકટતા કેળવે, સમાજની વિવિધ ઘટનાઓથી વાકેફ થાય, જરૂરત અનુસાર સ્વાસ્થ્ય પરિક્ષણ, અમેરિકામાં વડીલોને અપાતી સુવિધા અને સામનો કરવા પડતા પડકારો–પ્રશ્નોની મુકત પણે ચર્ચા–જાણકારી આપવાનો આ સમારંભનો ઉદેશ હતો.

**પ્રથમ દિવસ : શુક્રવાર ૧૬મી જાન્યુઆરી, ૨૦૦૯**

'અતિથિ દેવો ભવ:'ની પવિત્ર ઉચ્ચ ભાવના સાથે અંજના–અશ્વિનભાઈ જાવિયા તથા વર્જીનિયામાં વસતા સમાજના પરિવારને આટલા બધા વડીલોની આગતા–સ્વાગતા કરવાનો મળેલો મહામૂલો અવસર હેતથી ઝડપી લીધો, ગ્રામ્ય જીવન ઉપર એક 'રૂપક' ભજવી કડકડાટ ગુજરાતી બોલતા બાળકો સહિતે હર્ષોલ્લાસથી સ્વાગત કરેલ. ડો. અતુલ કણસાગરા, ક્ષય નિષ્ણાતે, ક્ષય રોકવા, પ્રારંભિક અવસ્થા શોધી તેનાથી બચવા રહેણી–કરણી, ખોરાક વિશે વાર્તાલાપમાં ભલામણો કરેલ.



**સમાજના પૂર્વ પ્રમુખ જમન કોઠડિયાને સમાજ વતી પ્લેક આપી સન્માનતા તેમના જ માતા–પિતા મહિદાસ દાદા ને ઉજમબેન કોઠડિયા**

ડો. મધુ કણસાગરા, સાઈટ્રીયાટીક, વડીલોની પાછલી જીંદગીમાં તથા જીવનસાથીની ગેરહાજરીમાં આ રોગથી બચવા, સંભાળવા વિગતે છણાવટ કરેલ.

**બીજો દિવસ : શનિવાર ૧૭ જાન્યુઆરી, ૨૦૦૯**

મિલન સમારંભનો અગત્યનો હેતુ મનોરંજન સાથે સ્વાસ્થ્ય પરિક્ષણ હોય, વહેલી સવારના યોગ નિષ્ણાંત શ્રી પ્રવિણ કાલરીયા દ્વારા પ્રાણાયામ–યોગની પ્રત્યક્ષ જાણીકારી આપી, હાજર સભ્યોના ખાલીપેટે રકત શર્કરા તથા કોલેસ્ટ્રોરોલની ચકાસણી કરેલ. સવારનો પહોર દેવ–દર્શનનો હોય અહીંથી હેમ્પટનના હિન્દુ મંદિરની મુલાકાત ગોઠવેલ જ્યાં પૂજા–અર્ચના બાદ પૂજારી શાસ્ત્રીએ મધુર સ્વરોમાં ભજનોના ભક્તિરસથી વડીલોને રંગી સર્વેએ ધન્યતા અનુભવી.

બપોરના વિશ્રામ પછી વડીલોના સ્વાસ્થ્ય પરિક્ષણ



**ડૉ. મધુ કણસાગરા**



**ડૉ. વિજય કલોલા**



**ચંપાબેન સરોદિયા**



**ડૉ. મનસુખ રામોલિયા**

માટે ઉભી કરેલ વ્યવસ્થામાં ૧૦૦ જેટલા વડીલોએ લાભ લીધો. રક્ત શર્કરા, કોલેસ્ટ્રોરેલ, ઈકેજી, બીપી, જનરલ સ્ક્રીનીંગ, પ્રાથમિક કાળજી વગેરેની તબીબો પાસેથી સલાહ–સૂચન મળે તેમ ગોઠવણ કરેલ. એટલુ જ નહી તપાસ દરમ્યાન ધ્યાને આવેલ ખામીઓ વિશે નિષ્ણાંતો દ્વારા સંપૂર્ણ માર્ગદર્શન, સવાલ–જવાબો સાથે રસપ્રદ પ્રવચનો રાખેલ. કોંગ્રેશનલ ગ્લુકોમા કોકસ ફાઉન્ડેશનની દોરવણીથી વર્જીનીયા મેડીકલના ઝીલ ગોવાણી સહીત વિદ્યાર્થીઓએ શનિ–રવિ સખત મહેનત કરી વડીલોની દૃષ્ટિ આંખની તપાસ કરી આપી. ડો. મનસુખ રામોલિયાએ જણાવ્યું કે ઘણાને ઉચ્ચ શર્કરા (મધુપ્રમેહ) છે. ખોરાક, વ્યાયામ, પરેજીની આવશ્યકતા જણાવેલ. વધારે શર્કરા જઠર, લીવર ઉપર પણ વિપરીત અસર કરે છે. કાર્બોહાઈડ્રેટ, સ્ટાર્ચ, ઘી–માખણનો ખોરાક ઘટાડી માર્જરીનનો ઉપયોગ શર્કરા નિયંત્રિત કરે છે. વડીલોના બીપી ૧૦–૧૫ પોઈન્ટની એક જ દિવસની વધ–ઘટ ચિંતાનો વિષય બની જાય છે. આથી ખોરાકમાં નિયંત્રણ રાખવા ડો. વિજય કલોલાએ ભલામણ કરેલ. અન્ય સમાજ સેવી ડોક્ટરોની ટીમ સર્વશ્રી કેતકી ડઢાણિયા ચીફ મેડીશીન, ડો. મનુ ડઢાણિયા એલર્જીસ્ટ, ડો. જમન કોઠડિયા નીઓનેટોલોજીસ્ટ, શ્રી અતુલ કણસાગરા તથા શ્રી ભાણજી કુંડારિયા હેમેટોલોજીસ્ટ – ઓન્કોલોજીસ્ટ, શાન્તા મારીયા, મધુ વાછાણી સાઈટ્રીયાટ્રીક, સુધા દલસાણિયા ઈકેજી ઈકોટેકનીશીયન ચંપા સિરોદીયા ડાયેટીશ્યન જેણે ખોરાકની ઘણી બધી ખોટી માન્યતાઓને સ્પષ્ટ કરેલ.



કે.પી.એસ.એન.એ.ના વડીલ સંમેલનમાં વક્તાઓને ધ્યાનથી સાંભળતા સિનિયરો, અને (નીચે, જમણે), વર્જીનિયા, હેમ્પટનના હિન્દુ મંદિરની મુલાકાત દરમ્યાન મંદિરના પૂજારી દિલીપભાઈ શાસ્ત્રીજીએ મધુર સ્વરોમાં ભજનો સંભળાવી વડીલોને ભક્તિરસમાં રંગી દીધાં હતાં.

મેળાવડાની ધ્યાનાકર્ષક પ્રતિભા ૯૨ વર્ષના 'વયોવૃદ્ધ–યુવા' મુરબ્બીશ્રી મહિદાસ કોઠડીયા, ચુડવા (ઉપલેટા), ચુસ્ત વૈષ્ણવી શ્વેત પોષાક, ખેસ, પાઘડી પરિધાન કાઠીયાવાડી લહેકાથી સતત ચેતનવંતા, નવરાશની પળોમાં મયાદાદાના સુર તાલમાં ભજનો, ગીતો, રાસ–ગરબા, દુહા–છંદ મુક્તકોની રમઝટથી બેઠેલા બધા જ નાચવા–કુદવા, ગરબે રમવા લાગતા, અસલ કાઠીયાવાડી માહોલ ઉભો થતા હાજર રહેલા બધા ભાવુક બની ગયા.

મેળાવડાના સૌથી રસપ્રદ માહિતીલક્ષી કાર્યક્રમમાં ત્રણ મહેમાન વક્તા હતા. એક, ન્યુયોર્કના પ્રતિષ્ઠિત ઈમિગ્રેશન એટર્ની અને સમાજના અગ્રણી શ્રી પ્રવિણ કાલરીયા. સવારના યોગા અને રાત્રીના શીતળ પહોરે ઈમિગ્રેશનની સમસ્યાઓ, તેના ભયસ્થાનો, છટક બારી, નવા કાયદા ચાઈલ્ડ સ્ટેટ્સ પ્રોટેકશન એક્ટ, સીટીઝનશીપ જેવી અલભ્ય ઉપયોગી બાબતની છણાવટ સાથે સંતોષકારક સવાલ–જવાબો આપી હરસમયે સમાજને સેવા આપવાની અભિલાષા વ્યક્ત કરેલ.

બીજા દિવસની અંતિમ વેળાએ મુક્ત કંઠે ચર્ચાઓ યોજેલ, આજના સમયમાં સળગતા પ્રશ્નો પુત્ર કે પુત્રી કે સગાઓ સાથે રહેતા હોયને જે પ્રશ્નો–પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે તેમાં કેવી રીતે ખુશખુશાલ રહેવું ? સંયુક્ત કુટુંબમાં રહેવાનો ઉત્તમ રસ્તો, દિવસ દરમ્યાન કેમ કાર્યરત રહેવું ? કામકાજમાં કેવી રીતે સ્વૈચ્છીક ભળી જવું ? આપણી સંસ્કૃતિનું મૂલ્ય અને વારસો નવી પેઢીને કેવી રીતે આપવો ? વિગેરે વિગેરેની ગરમા ગરમ ચર્ચા વિચારણા થઈ. જેનાથી વડીલોએ ઘણુબધુ પોતાનામાં ઉતાર્યું. સાત સભ્યોની ટુકડીએ આ બાબતે અમૂલ્ય માહિતી, માર્ગદર્શનથી દિવસ પૂર્ણ કરેલ.

**ત્રીજો દિવસ : રવિવાર ૧૯ જાન્યુઆરી, ૨૦૦૯**

નિત્યક્રમે વહેલી સવારે શ્રી પ્રવિણભાઈની યોગ સંલગ્ન કસરતોથી આરોગ્યની જાળવણી પ્રત્યક્ષ યોગ દર્શન કરાવી બતાવેલ. વડીલો પણ મોટી સંખ્યામાં શિસ્તબદ્ધ સમયસર બેસી જતા. મેળાવડાના બીજા મહેમાન વક્તા, વરિષ્ઠ પત્રકાર, યોગ–પતંજલિના રસજ્ઞ શ્રી રમેશ જાદવે કલ્પનાથી તદ્દન વિપરીત નવી દૃષ્ટિથી પતંજલિ યોગ સુત્રો, આધ્યાત્મ વિશે બોલતા સ્વામી વિવેકાનંદે કરેલી ધર્મની વ્યાખ્યા, માનવીની અંદર રહેલ દિવ્ય તત્ત્વની ઓળખ તેને

પ્રગટાવવાના હેતુને પાર પાડવા ચારે યોગ ભક્તિ, કર્મ, જ્ઞાન અને પતંજલિની છણાવટ કરેલ. પતંજલિ યોગ સુત્રોનું બંધારણ, રચના, ઈતિહાસ વર્ણવી દષ્ટા, દશ્ય, દર્શનના આંતરભેદનો મહિમા ઉદાહરણ સાથે સમજાવેલ. આધ્યાત્મ વિશે નવી દષ્ટિની સમજાવટથી વડીલો ખૂબજ પ્રભાવિત થયા ધ્યાનપૂર્વક પ્રવચન સાંભળી કંઈક નવું મેળવ્યાની અનુભૂતિ કરી.

અમૂલ્ય, અલભ્ય યોગ–આધ્યાત્મના સ્મરણોને સંગ્રહિત રાખવા મજબૂત થરની જરૂરત વેળા એજ અચાનક શાંતિભાઈ ગોંઢાના આગોતરા આયોજન રૂપે ગરમાગરમ જલેબી સાથે નાસ્તાની પ્લેટો હાથમાં પકડાવી દીધી. બે ઘડી વડીલો છક થઈ ગયા અને ભાન ભુલી ગયા કે તેમને મધુપ્રમેહ કે બીપીની તકલીફ છે.



**મહિદાસ દાદા નવરાસની થોડી પળો પણ મળે એટલે રાસ–ગરબા અને દુહાઓથી સંમેલન ગજવતા રહ્યા અને સિનિયર બહેનોએ તેમની ફરતે ગરબે ઘૂમીને આનંદ માણેલો.**

આગળની કડીરૂપ ત્રીજા મહત્વના મહેમાન વક્તા શ્રી જોસેફ પરમાર, ૧૪ વર્ષથી અમેરિકામાં વડીલોને સામાજીક રક્ષણ, મેડિકેર, મેડિકેઈડ અંગે સામે ચાલીને માર્ગદર્શન આપે છે. ઈમિગ્રેશન માટે અરજી ફાઈલથી અમેરિકામાં પગ મુક્તા લાગુ પડતા કાયદા, નીતિનિયમો, રાજ્ય–ફેડરલ સરકાર તરફથી મળતા વિવિધ લાભો, તેને મેળવવા શું શું કરવું વિગેરે અતિ ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડેલ. પોતાની સ્વરચિત વડીલો ઉપરની કવિતા ગાઈ ખુશખુશાલ કરી દીધા. સાથે જ તેમને ગુજરાતીમાં લખેલા બે પુસ્તકો ‘સીટીઝન શીપ માર્ગદર્શન’ અને ‘સીનીયર દર્શન’ દરેક વડીલોને KPSNA દ્વારા ભેટ આપતાની સાથે બધા ભાવવિભોર થઈ પરમાર સાહેબનો ખૂબ આદર સાથે આભાર માનેલ.

બપોરબાદ હળવી પળોમાં સ્થાનિક પરિવારની દિકરીઓએ વડીલોને જ્ઞાન સાથે ગમ્મત, આંકડા, શબ્દો, ઉખાણા, અન્ય રમતો, રમુજી ટૂચકાઓ વિગેરે પીરસી મિલન સમારોહને ધબકતો રાખેલ.

સમાપન વેળા નજીક આવતી હોય KPSNA ના કારોબારી સભ્યોની ઓળખવિધી કરાવેલ. નિવર્તમાન પ્રમુખ ડો. જમન કોઠડીયાનું તેના પરિશ્રમ, સમર્પણની ભાવનાની કદરરૂપે ‘પ્લેક’ એનાયત જોગાનુજોગ તેમના માતાપિતા ઉજમબેન – મહિદાસ કોઠડીયાના વરદ હસ્તે કરી અવસરને યાદગાર બનાવેલ.

‘અતિથિ દેવો ભવ:’ની પવિત્ર ભાવનાને મુર્તિમંત કરતા મા–બાપની જેમ સેવા, આગતા–સ્વાગતા કરી મહામૂલો અવસર દીપાવવા બદલ અંજનાબેન – અશ્વિનભાઈ જાવિયા તેના વડીલો મનસુખભાઈ, શારદાબેન જાવીયા તથા અમૃતલાલ, કાન્તાબેન વાછાણી સહિત સર્વે વર્જીનિયામાં વસ્તા પરિવાર પ્રતિ ખૂબ ખૂબ આદર સહ આભારની લાગણી મેળાવડાના આયોજકો, વડીલો, મહેમાનોએ હૃદયપૂર્વક વ્યક્ત કરેલ. આયોજકો, મહેમાનો, વડીલો અને ખુદ યજમાનોને પણ કલ્પના નહિ હોય કે આપણા વડીલો આટલા આનંદથી ઝુમશે, પળેપળ આનંદની છોડો ઉડશે, અંતરનો માહ્યલો પ્રગટશે, એવા તો રાજી રાજી થયા કે અહીંથી કોઈએ છુટા પડવાનું મન જ ન થાય ! પરમ આનંદની અલ્પ પણ અલૌકિક ઝાંખી કરાવતો આ સફળ વરિષ્ઠ વ્યક્તિ મિલન સમારોહ સમાજને માટે દિશા સુચક, નવો ઉત્સાહ જગાવનાર અવસર બની બધાના દીલમાં વસી ગયો.

સમાજના નિવૃત જનરલ સર્જન ડો. વલ્લભ કાલરીયાએ ઉત્સાહમાં પ્રાણ પૂરવા ‘વસુદેવસુતમ દેવ, કંસચાણુર મર્દનમ, દેવકી પરમાનંદ કૃષ્ણં વંદે જગતે ગુરૂમ’ શ્લોક સાથે તેનું અર્થઘટન, ગીતામાં ભગવાને આપેલ સંદેશની પૂર્વ ભુમિકા સમજાવી યોગ, જ્ઞાન અને ભક્તિની છણાવટ કરેલ.

વર્જીનીયા બીચના દરિયાય ભીનાશ તથા વિદાયની વસમી વેળાએ ભાવ વિભોર મિશ્રીત વાતાવરણ ઉભુ કરી દીધેલ. આયોજકો, યજમાનો, મહેમાનો, વડીલો સૌના ચહેરાનો ભાવ સ્પષ્ટ વંચાતો હતો. અસલ કાઠીયાવાડી માહોલ સર્જી આનંદની અલૌકિક ક્ષણમાં હાજર પ્રત્યેક વડીલો–વ્યક્તિના જીવનનું એક અવિસ્મરણીય સંભારણુ બની ગયું. ■